# સામ્યવાદી પક્ષના સો વર્ષ : ક્રાંતિની મશાલ કેમ અલોપ થઈ રહી છે...

ડિસેમ્બરના 'કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા'[CPI]ના સો વર્ષ પૂર્ણ થયા છે. હાલમાં શાસનમાં રહેલી 'ભારતીય જનતા પાર્ટી'નું જ્યાંથી વહેણ વહે છે તે સંસ્થા 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ- RSS'ના પણ સો વર્ષ પૂર્ણ થયા છે - તેની ધામધૂમથી ઊજવણી થઈ રહી છે; તે રીતે 'CPI'ની ઊજવણી ભાગ્યે જ ક્યાંક દ્દષ્ટિગોચર થાય છે. આપણા રાજ્યમાં તો 'CPI'નું અસ્તિત્વ શોધ્યે જડતું નથી. પરંતુ 'CPI'નું દેશમાં જે રીતે યોગદાન અને ઝળહળતો ઈતિહાસ રહ્યો છે તે જોતા તેની ચર્ચા થવી જોઈએ. હાલમાં અનેક હિંદી અને અંગ્રેજી ન્યૂઝ પોર્ટલ પર તેની નોંધ લેવાઈ રહી છે. સૌથી પહેલાં તો 'CPI'ની રાજકીય પક્ષ તરીકે અત્યારે શું સ્થિતિ તે જાણી લેવું જોઈએ. હાલમાં રાજ્યસભા અને લોકસભામાં 'CPI'ના બે-બે સભ્યો પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. બિહાર વિધાનસભામાં માત્ર એક 'CPI'સભ્ય છે. ઉપરાંત, કેરળમાં પણ આ પક્ષ ગઠબંધનથી સરકારમાં છે. કોમ્યુનિસ્ટ પાર્ટીનો સમયાંતરે ગ્રાફ જોઈએ તો તે સતત નીચે જઈ રહ્યો છે.

વીસમી સદીની શરૂઆતમાં કોમ્યુનિઝમ એટલે કે સામ્યવાદી વિચારધારાની ગંગા હિંદુસ્તાન અને દુનિયાભરમાં પહોંચી તેનું કારણ રશિયામાં થયેલી બોલ્શેવિક ક્રાંતિ છે. રશિયાની તત્કાલિન કોમ્યુનિસ્ટ પાર્ટી 'બોલ્શેવિક પાર્ટી'ના નામથી ઓળખાતી હતી. આ પાર્ટી જેમના વિચારધારા પર ચાલી તેમાં જર્મન ફિલસૂફ-ક્રાંતિકારી વિચારક કાર્લ માર્ક્સ અને રશિયાના ક્રાંતિકારી વ્લાદિમિર લેનિન હતા. આમ તો આ વિચારધારામાં અનેક બાબતોને સમાવી શકાય પણ બે મુખ્ય પાસાંને ઓળખવા હોય તો એક કે તેમાં 'કલેક્ટિવ પ્રોપર્ટી'[સહિયારી જાહેર સંપત્તિ] અને 'ક્લાસલેસ સોસાયટી'[વર્ગવિહિન સમાજ]ના ઉદ્દેશ હતા. ઉપરાંત, તેમાં મૂડીવાદની વિચારધારાનો છેદ ઉડાડવામાં આવ્યો હતો. મતલબ કે જે કંઈ પણ કાર્ય થાય તે સામૂહિક રીતે થાય અને સમાજમાં કોઈ પણ પ્રકારનો ભેદ ન પ્રવર્તે. આ આદર્શ સાથે કોમ્યુનિસ્ટ પાર્ટીનો દુનિયાભરમાં વ્યાપ પ્રસર્યો. અનેક નેતાઓ તેમાંથી ઉભરી આવ્યા. રશિયા અને ચીન પર કોમ્યુનિઝમનો ખૂબ પ્રભાવ રહ્યો અને આજેય આ દેશોમાંથી કોમ્યુનિઝમનું અસ્તિત્વ ટકી રહ્યું છે.

ભારતમાં કોમ્યુનિસ્ટ પાર્ટીનું આગમન થયું તેમાં પણ બોલ્શેવિક ક્રાંતિનું કારણ આપી શકાય. પરંતુ 1920ના અરસામાં જ્યારે 'કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા'ની પ્રવૃત્તિ શરૂ થઈ ત્યારે તેમાં ખૂબ ઓછા લોકો જોડાયેલા હતા. પરંતુ જેમ જેમ દેશમાં આઝાદીની લડત આગળ વધતી ગઈ, તેમ કોમ્યુનિસ્ટ પાર્ટીમાં સભ્ય સંખ્યા વધતી ગઈ. આ વિશે 'BBC'ના એક અહેવાલમાં ઈતિહાસકાર સુમિત સરકારના 'આધુનિક ભારત'નામના પુસ્તકના અંશ ટાંકવામાં આવ્યા છે; તે મુજબ 'ભારતીય કોમ્યુનિઝમનો જન્મ આઝાદીના આંદોલન દરમિયાન થયો. જે ક્રાંતિકારીઓનો મોહભંગ થયો હતો. અસહકાર આંદોલનાકારી, ખિલાફત આંદોલનકારી, મજદૂર અને ખેડૂતોના આંદોલનમાં સામેલ સભ્યો રાજકીય અને સામાજિક રીતે નવા માર્ગ શોધી રહ્યા હતા.'તે દરમિયાન આઝાદીની લડત અને શોષિત વર્ગોની સામાજિક-આર્થિક મુક્તિની આ લડત પરસ્પર નજીક આવવા લાગી. એ રીતે સામ્યવાદી વિચારધારા હિંદુસ્તાનમાં આવી. અન્ય એક ઈતિહાસકાર બિપિન ચંદ્ર લખે છે કે, 'સામ્યવાદ વિચાર ભારતીય યુવાનોનો પસંદગીનો આદર્શ બની ગયો. તેના પ્રતિક તરીકે જવાહરલાલ નેહરુ અને સુભાષચંદ્ર બોઝ હતા. ધીરે ધીરે આ વિચારના બે શક્તિશાળી પક્ષોનો જન્મ થયો - 'કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા'અને 'કૉંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટી'.'

તે વેળાએ મુંબઈમાં શ્રીપાદ અમૃત ડાંગે નામના આગેવાને તમામ સામ્યવાદી સમૂહોને એક સંમેલન ગોઠવવા માટેનો વિચાર આપ્યો. અને તે વિચારને એક અન્ય સામ્યવાદી આગેવાન સત્યભક્તે સાકાર કરવા માટે પરસેવો રેડ્યો. એ રીતે 1925માં કાનપુરમાં આયોજિત સંમેલનમાં 26થી 28 ડિસેમ્બર સુધી ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના થઈ હતી. આ સંમેલનમાં પાંચસોથી વધુ સભ્યો હાજર હતા. તે વખતે સ્વાગત સમિતિના પ્રમુખ રહેનારા મૌલાના હસરત મોહાનીએ જે કહ્યું છે તે 'BBC'ના અહેવાલમાં ટાંકવામાં આવ્યું છે. તેઓએ કહ્યું હતું : 'કમ્યુનિઝમનું આંદોલન, ખેડૂતો અને મજદૂરોનું આંદોલન છે. અમારો ઉદ્દેશ છે, સાચા માર્ગે ચાલીને સ્વરાજ કે પૂર્ણ આઝાદીની સ્થાપના કરવાનો છે'તે વખતે પક્ષનો ઉદ્દેશ નિર્ધારીત કરવામાં આવ્યો કે, 'બ્રિટન સામ્રાજ્યવાદી શાસનથી ભારતને મુક્તિ, ઉત્પાદન અને વિતરણના સાધનોનું સમાજીકરણ અને તેના આધારે મજદૂરો અને ખેડૂતોનું ગણરાજ્ય બનાવવું.'

ઉદ્દેશ મુજબ આઝાદીના આંદોલનમાં સામ્યવાદની વિચારધારા ધરાવનારાઓ ભાગ લીધો; પરંતુ તેનું નેતૃત્વ અને સંગઠનો અલગ-અલગ હતા. તેમાં અન્ય વિવિધ સંગઠનો પણ રચાયા હતા. ક્રાંતિના માર્ગે આઝાદીના ઉદ્દેશ સાથે સામ્યવાદીઓ લડતમાં જોડાયા. આ દરમિયાન લખનઉ નજીક આવેલા કાકોરી ગામમાંથી જ્યારે ટ્રેનમાં અંગ્રેજોના નાણાં જતા હતા તે લૂંટ થઈ હતી. આ લૂંટમાં 'હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિક એસોશિએશન-HSRA'સામેલ હતું. તેમાં રામપ્રસાદ બિસ્મિલ, અશફુલ્લા ખાન, રાજેન્દ્ર લહિરી, ચંદ્રશેખર આઝાદ, સચિન્દ્ર બક્ષી, કેશબ ચક્રવર્તી સહિત અને ક્રાંતિકારીઓ સામેલ હતા. તે પછી આ ક્રાંતિકારીઓની ધરપકડ માટે અંગ્રેજ સરકારે અભિયાન ચલાવ્યું હતું. એ પ્રમાણે અંગ્રેજોએ પેશાવર કોન્સ્પિરન્સી કેસમાં પણ અનેક સામ્યવાદીઓની ધરપકડ કરી હતી. તેમના પર એવો આરોપ હતો કે રાજકીય અને સૈન્ય ટ્રેઈનિંગ અર્થે તેઓ મોસ્કો ગયા હતા. કાનપુર બોલ્શેવિક કોન્સપરન્સી કેસ અનેક સામ્યવાદી વિચાર ધરાવનારાઓ પર ચાલ્યો હતો. લાહોર કોન્સપરન્સી કેસ, મેરઠ કોન્સપરન્સી કેસ અને અંદમાનના સેલ્યુલર જેલમાં થયેલી ભૂખ હડતાળ કરનારાઓમાં સામ્યવાદી સંગઠનો હતા. આ બધા કેસમાં 'કોન્સપરન્સી'કે 'લૂંટ'શબ્દ પ્રચલિત રીતે ચલણમાં છે; પરંતુ તે બધું જ આઝાદીની લડતનો એક ભાગ હતો. આઝાદીમાં સામ્યવાદી પક્ષની ભૂમિકા સંદર્ભે ઈતિહાસકાર બિપિન ચંદ્રા લખે છે કે, '1939માં પી. સી. જોશીએ પાર્ટીના સામયિક 'નેશનલ ફ્રન્ટ'માં લખ્યું હતું કે, આજનો સૌથી મોટો સંઘર્ષ આપણો રાષ્ટ્રીય સંઘર્ષ છે - તેનું મુખ્ય સંગઠન કૉંગ્રેસ છે. કમ્યુનિસ્ટ હવે કૉંગ્રેસની અંદર મજબૂતીથી કામ કરી રહ્યા છે. ઘણાં તો કૉંગ્રેસની જિલ્લા અને પ્રાંતિય સમિતિઓમાં પદાધિકારી છે. અંદાજે 20 સામ્યવાદી અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિના સભ્ય છે.'કૉંગ્રેસમાં જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્ર દેવ અને મીનૂ મસાની જેવાં આગેવાનોએ મળીને ઑક્ટોબર-1934માં મુંબઈમાં 'કૉંગ્રેસ સોશિયલિસ્ટ પાર્ટી'ની રચના કરી હતી. તેઓ કૉંગ્રેસની અંદર જ રહીને કામ કરી રહ્યા હતા.

આ રીતે અલગ-અલગ ખેમામાં કોમ્યુનિસ્ટ કામ કરતા હતા અને તે માટે જ દેશભરમાં કોમ્યુનિસ્ટના ઉદ્દેશ સાથે વિવિધ સંસ્થાઓની સ્થાપના થઈ. તેમાં 'ઑલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસ', 'કિસાન સભા', 'હિંદુસ્તાની સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોશિએશન', 'ઑલ ઈન્ડિયા સ્ટુડન્ટ ફેડરેશન', 'મહિલા આત્મરક્ષા સમિતિ', 'પ્રગતિશીલ લેખક સંઘ', 'ભારતીય જન નાટ્ય સંઘ'[ઈપ્ટા], 'વર્કર્સ એન્ડ પિઝેન્ટ્સ પાર્ટી', 'ભારત નૌજવાન સભા'અને 'લાલ વાવટા કલા પથક'જેવી સંસ્થાઓ અને સંગઠન સમાવિષ્ટ છે.

હાલમાં 'કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા'ના અંતર્ગત અનેક આવી સંસ્થાઓ છે. પરંતુ 1951થી લઈને અત્યાર સુધી 'કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા'નું પર્ફોમન્સ નબળું પડતું ગયું. દેશ આઝાદ થયો ત્યારથી લઈને 1977 સુધીના લોકસભાના ચૂંટણીમાં 'CPI'ના સંસદ સભ્યોની સંખ્યા વીસથી ઓછી થઈ નહોતી. 1962ની લોકસભાની ચૂંટણીમાં તો 'CPI'ના સંસદ સભ્યોની સંખ્યા 29 સુધી પહોંચી હતી. તે પછી સતત નબળા પર્ફોમન્સ બાદ 2004ની ચૂંટણીમાં ફરી 'CPI'ના સંસદસભ્યોની સંખ્યા દસ સુધી પહોંચી હતી. પછીની ચૂંટણીઓમાં એક-બે બેઠક સુધી આ પક્ષ સિમિત રહ્યો છે. અને તેથી 2022માં ચૂંટણી કમિશને 'CPI'ને પત્ર પાઠવ્યો હતો કે તમારું રાષ્ટ્રીય પક્ષ તરીકેનો દરજ્જો કેમ પાછો ન ખેંચવો જોઈએ? ત્યાર બાદ પણ રાજ્યોની અને દેશની ચૂંટણીમાં 'CPI'નું પર્ફોમન્સ ન સુધર્યું. આખરે 2023માં રાષ્ટ્રીય પક્ષ તરીકેનો દરજ્જો ઈલેક્શન કમિશને પાછો ખેંચી લીધો હતો. હજુ પણ કેરળ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં સામ્યવાદીઓનું ધરાતલ પર અસ્તિત્વ મોજૂદ છે; પરંતુ તેનો વ્યાપ ફરી પાછો અગાઉ જેટલો થઈ શકે કે નહીં તે પ્રશ્નનો ઉત્તર 'CPI'પાસે પણ નથી. 'CPI'વિશે દાયકાઓથી અભ્યાસ કરનારા અને સાથે જોડાયેલા અનિલ રાજિમવાલેએ પક્ષના ભવિષ્ય અંગે કહ્યું છે તે 'BBC'ના અહેવાલમાં નોંધાયું છે. તેઓ કહે છે : 'નવી પેઢી પક્ષમાં જોડાઈ જરૂર રહી છે, પરંતુ તેનું પ્રમાણ ઓછું છે. અમારે નવા ક્ષેત્રોમાં કામ કરવાની આવશ્યકતા છે. ભારત જેવા દેશમાં હથિયારબંધ સંઘર્ષ અને ક્રાંતિની કોઈ જગ્યા નથી. આ દેશમાં અનેક સામ્યવાદી સરકાર બની છે. તેમાંથી શીખ મળે છે કે જો લોકશાહી અધિકારોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો કમ્યુનિસ્ટ શાસનમાં આવી શકે છે. સૌથી અગત્યની વાત એ છે કે, બદલાતી પરિસ્થિતિ મુજબ કમ્યુનિસ્ટોએ બદલાવવું પડશે.



ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

**મુંબઈમાં શ્રીપાદ અમૃત ડાંગે નામના આગેવાને તમામ સામ્યવાદી સમૂહોને એક સંમેલન ગોઠવવા માટેનો વિચાર આપ્યો. અને તે વિચારને એક અન્ય સામ્યવાદી આગેવાન સત્યભક્તે સાકાર કરવા માટે પરસેવો રેડ્યો. એ રીતે 1925માં કાનપુરમાં આયોજિત સંમેલનમાં 26થી 28 ડિસેમ્બર સુધી ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના થઈ હતી**



# જીવો અને જીવવા ના દો



શું છે કે હવે આપણે ગમે ત્યારે કોઈ પણ પ્રકારના સમાચાર સાંભળવા માટે તૈયાર રહેવું જોઈએ. ઉલ્ટાનું જો કલાક બે કલાકમાં કોઈ ભયાનક બ્લાસ્ટ કે ખૂન કે અકસ્માતના સમાચાર ન આવે તો જ આપણને આઘાત લાગવો જોઈએ. આવું કંઈક ખતરનાક જો સમાચારોમાં ન બને તો એમ સમજવું કે ચોક્કસ આપણાથી કંઈક છુપાવવામાં આવી રહ્યું છે.

આમ જોવા જઈએ તો આ એક વિચિત્ર પરિસ્થિતિ છે. જેની પાસે જે હથિયાર છે, એને કાયમ એનો ઉપયોગ કરવો હોય છે. જેમ કે જે માણસ પાસે બંદૂક છે તો એ ગોળી ચલાવવા માંગે છે. એમાં બસ એક સ્કૂટરની જરૂર પડે. જાવ અને ધાંય ધાંય... તમારી પાસે જો કોઈ બેંકના નકશાની અને હાલતની જાણકારી હોય, તો જાઓ એ બેંકમાં અને તરત એને લૂંટી લો. જો કોઈ પૈસાની બેગ લઈને જઈ રહ્યો છે, તો ચાલો એની બેગ છીનવી લઈએ. જો કોઈ વૃદ્ધ સ્ત્રી મકાનમાં એકલી રહે છે, તો ચાલો એને મારી નાખીએ! જો કોઈ છોકરી એકલી જતી દેખાય એટલે તરત ચાર લોકો બળાત્કાર કમિટી બનાવીને કામે લાગી જાય છે. કંઈ નહીં તો બાળકોનું અપહરણ કરીએ. દલિતોના ગામમાં ઘુસીને લોકોને જીવતા સળગાવીએ. કર્ફ્યુ પૂરો થતાં જ છરી લઈને નવી હત્યા કરવા નીકળી પડો. નાનો બોમ્બ સાથે હોય તો કોઈના ઘર પર ફેંકો અને બોમ્બ મોટો હોય તો કોઈ મોટા એરોપ્લેનમાં મૂકો. ઈન શોર્ટ, તમે જેની જેની સાથે અસહમત છો, એ બધાંને મારી જ નાખો!

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

સમાચારો દરેક પ્રકારના હોય છે અને એ ચારેય દિશામાંથી આવે છે. બીજાને હેરાન કરવાનું, એમનો નાશ કરવાનું માનસિક વલણ દેશમાં વિકાસ કરી રહ્યું છે. સદનસીબે, દરેક લોકો પાસે પિસ્તોલ નથી, પણ એમનું મગજ ધીમે ધીમે પિસ્તોલ જેવું બની રહ્યું છે. ભલે એ લોકો એને ચલાવી નહીં શકે પણ શિકારનું નિશાન કે હત્યાનું લક્ષ્ય એમના સતત મગજમાં ઘુમતું રહે છે.

બીજાઓ પ્રત્યેની ક્રૂરતામાં આનંદ માણવાની વૃત્તિ દરેક સ્તર પર વધી રહી છે. કશેક ઝૂંપડપટ્ટી જોઈ નથી કે ચાલો એને હટાવી નાખીએ. જે લોકો ન્યાયની ખુરશી પર બેઠા છે, એમનું પણ માનસિક વલણ તો ક્રૂરતામાં આનંદ માણવાવાળું જ છે. આસપાસ અન્ય જાતિ, પ્રદેશ કે ભાષાના લોકો છે, તો ચાલો એમને હેરાન કરીએ. એ બિચારાંઓની આગળ વધવાની તકને ચાલો ખતમ કરીએ. એ લોકોને એટલા બધા હેરાન કરીએ કે તેઓ છેવટે પોતે જ આત્મહત્યા કરી લે અથવા જગ્યા છોડીને જતા રહે.

ઈન શોર્ટ, અમે જ જીવીશું અને એમને જીવવા નહીં દઈએ. પછી એ આપણો વિરોધી હોય કે ગરીબ ઘરની વહુ, એને મારી નાખો, સળગાવી નાખો. બસ, દરેક વસ્તુનો નાશ કરો, ગોળી મારો, છૂરો ભોંકો, બોમ્બ મૂકો અને બધું વિનાશ કરી નાખો.

જીવવા માટે બીજાનું મૃત્યુ કરવું આપણું માનસિક વલણ બની ગયું છે. જ્યાં સુધી આપણે પોતે સમાચાર નહીં બનીએ ત્યાં સુધી આપણે દરેક પ્રકારના સમાચાર વાંચવા અને સાંભળવા માટે તૈયાર રહેવાનું છે. જંગલો કપાઈ ગયા. હવે જંગલ જ નથી તો ત્યાં શિકાર માટે પ્રાણીઓ બચ્યાં નથી પણ હથિયારો તો છે! માટે જ આખો દેશ, જંગલ બની ગયો છે. હવે માણસ જ માણસનો શિકાર કરી રહ્યો છે, એકબીજાને મારી રહ્યો છે. આજે આ દેશમાં બે જ પરિસ્થિતિઓ છેઃ શિકારી અથવા નિર્દોષ પ્રાણીની. સમડી, કાગડાઓ ગીધડાંઓ સતત આકાશમાં ઉડી રહ્યા છે. કોણ જાણે ક્યારે, કઈ દિશામાં જવું પડે?

વળી 'પૂરમાં ડૂબીને 200 મરી ગયા' કે પછી 'જર્જર મકાન તૂટી પડ્યું' કે પછી 'બસ અથવા રેલવે અકસ્માત થયો' કે પછી 'હોડી ડૂબી ગઈ' કે પછી 'આખેઆખું પ્લેન જ ગાયબ થઈ ગયું' કે 'પછી કાર પલટી ગઈ' કે 'રોગચાળો ફાટ્યો' જેવા બીજા બધા દુઃખદ સમાચારના સિવાયના આ ચીખતા, ચિલ્લાતા, જાલિમ અને નવા બ્રેકિંગ ન્યૂઝનો જમાનો આવ્યો છે આજે! જેમાં 'જીવો ને જીવવા દો નહીં' પણ 'પોતે જીવો અને બીજાને જીવવા ના દો'-વાળી વૃત્તિ છે.

**જીવવા માટે બીજાનું મૃત્યુ કરવું આપણું માનસિક વલણ બની ગયું છે. જ્યાં સુધી આપણે પોતે સમાચાર નહીં બનીએ ત્યાં સુધી આપણે દરેક પ્રકારના સમાચાર વાંચવા અને સાંભળવા માટે તૈયાર રહેવાનું છે**

# ગૌતમ ગંભીરને સમજાય ગયુ હશે કે ભારતીય ક્રિકેટનો ચહેરો બનવું સરળ નથી

ભારતીય ટીમના કોચ તરીકે નિયુક્ત થયા પછી ગૌતમ ગંભીર મોટાભાગે તેના કેટલાક નિર્ણયોને કારણે હંમેશા ચર્ચામાં રહ્યો અને તેના કારણે સતત તે ટીકાઓઓનું નિશાન પણ બનતો રહ્યો છે. જો કે આ ગૌતમ ગંભીરે તેની કોચ તરીકેની કેરિયરની શરૂઆતે જે કર્યું હતું તે એકરીતે જોઈએ તો કંઈક એવું હતું, જે કરવાની જરૂર નહોતી. વાત થઈ રહી છે પર્થમાં રમાયેલી 2024-25 ટેસ્ટની અને એ ટેસ્ટ દરમિયાન કંઈક અસામાન્ય બન્યું . ભારતને જીતવા માટે સાત વિકેટની જરૂર હતી, અને ત્રીજા દિવસે, IPL ટીમો સહિત અનેક ફ્રેન્ચાઈઝીનું સંચાલન કરતી પીઆર ફર્મના ક્રિકેટ પત્રકારોના ઈનબોક્સમાં એક પ્રેસ રિલીઝ આવી. આ કોઈ સામાન્ય પ્રેસ રિલીઝ નહોતી જે પ્રકાશનો માટે સમાચાર પહોંચાડતી હતી.

આ એક લેખ હતો જેમાં કોચ ગૌતમ ગંભીરને વિરાટ કોહલીને સપોર્ટ કરવા અને રોહિત શર્માની ગેરહાજરીમાં કેએલ રાહુલને ઓપનિંગ કરાવવાનું શ્રેય આપવામાં આવ્યું હતું. તેમજ હર્ષિત રાણા અને નીતિશ કુમાર રેડ્ડીને ટીમમાં સામેલ કરવાનું શ્રેય આપવામાં આવ્યું હતું. કોહલી ગંભીરને ગળે લગાવતો અને ભારપૂર્વક કહેતો જોવા મળ્યો કે ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે વ્હાઈટવોશ પછી ગંભીરને લગતા પ્રશ્નોના જવાબ મળી ગયા છે.

ટીમનો કેપ્ટન જસપ્રીત બુમરાહ હતો અને જીતમાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી, તેનો એ રિલિઝમાં ઉલ્લેખ પણ કરવામાં આવ્યો ન હતો. ક્રિકેટમાં, ખાસ કરીને ભારતીય ક્રિકેટમાં, આ એક દુર્લભ ઘટના હતી જ્યારે કોચને ટીમના ચહેરા તરીકે દર્શાવવામાં આવ્યા હતા.કેટલીક દુર્લભ ઘટનાઓને બાદ કરતાં, ક્રિકેટ હંમેશા મેદાન પર ખેલાડીઓ દ્વારા ચલાવવામાં આવે છે. મહાન કોચે પણ ક્યારેય કેપ્ટનનું મહત્વ ઓછું આંક્યું નથી, અને ખાસ કરીને ભારતીય ક્રિકેટમાં, જ્યારે એક યુવાન કેપ્ટને ભારત માટે સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેનારા કોચને પણ પાછળ છોડી દીધો હતો. પરંતુ અહીં, પરિસ્થિતિ સંપૂર્ણપણે વિપરીત હતી .



ખેલખેલમેં

ઘરઆંગણે 12 વર્ષ સુધી અજેય રહ્યા બાદ ભારતે એક જ વર્ષમાં બે ટેસ્ટ સીરિઝ ગુમાવ્યા બાદ ગંભીર ચાહકોના આક્રોશનો ભોગ બન્યો છે . મીડિયા પર્સન તરીકેની તેની ક્રિયાઓ મીમ્સ બની ગઈ છે. તેના સહાયક, સિતાંશુ કોટકે, મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં ગંભીરનો બચાવ કર્યો અને ભારતના વન ડે રેકોર્ડનો ઉલ્લેખ કરીને ભારતના ખરાબ ટેસ્ટ પ્રદર્શનને ઓછું આંકવાનો પ્રયાસ કર્યો. એવી પણ ચર્ચા છે કે બીસીસીઆઈ ગંભીરને મર્યાદિત ઓવરોના કોચ તરીકે નિયુક્ત કરી શકે છે, જેમ ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાએ તેમની ટીમો સાથે કર્યું છે. જોકે, આ એક અસરકારક ક્રિકેટ ડિરેક્ટર વિના શક્ય નથી, જેના પ્રત્યે વિવિધ ફોર્મેટના કોચ જવાબદાર હોય.

મેચના પરિણામો માટે કોચને જ જવાબદાર ઠેરવવું પણ ખોટું છે. ટેસ્ટ મેચના પરિણામને પ્રભાવિત કરતા ઘણા પરિબળો છે જેના વિશે કોચ કંઈ કરી શકતા નથી. ભારતમાં એવી ધારણા વધી રહી છે કે ટેસ્ટ ક્રિકેટ કરતાં મર્યાદિત ઓવરના ક્રિકેટને વધુ મૂલ્ય આપવામાં આવી રહ્યું છે. દેશની શ્રેષ્ઠ યુવા પ્રતિભા હવે મર્યાદિત ઓવરના ક્રિકેટ માટે વધુ યોગ્ય છે. ભારતનું નસીબ ખાસ સાનુકૂળ રહ્યું નથી, અને 10 ટોસ ગુમાવવા ઉપરાંત, શુભમન ગિલની ઈજાને કારણે તેમને કોલકાતા ટેસ્ટ દસ ખેલાડીઓ સાથે રમવી પડી હતી.

બીજી તરફ, દક્ષિણ આફ્રિકા પાસે મજબૂત બોલિંગ લાઈનઅપ હતી, જેના સ્પિનરો ત્રીજી વખત ભારત આવ્યા હતા. ગંભીર હાલમાં ચાહકો તરફથી ટીકાનો સામનો કરી રહ્યો છે, અને ચાહકો તેને સરળતાથી માફ કરતા નથી. તેણે એમએસ ધોનીની જગ્યાએ ઋષભ પંતને રમવા બદલ વખોડી કાઢ્યો હતો, અને ટી20 વર્લ્ડકપ પહેલા ગિલના સ્થાન માટે ઝુંબેશ પણ ચાલી રહી હતી.ગંભીર નિઃશંકપણે ભારતનો સૌથી શક્તિશાળી કોચ છે. ગ્રેગ ચેપલને ખેલાડીઓની શક્તિનો સામનો કરવો પડ્યો હતો, ડંકન ફ્લેચરને ફક્ત કઠપૂતળી બનાવી દેવામાં આવ્યા હતા, રવિ શાસ્ત્રી હંમેશા કોહલી સામે નબળો દેખાતો હતો, અને રાહુલ દ્રવિડ મોટે ભાગે પૃષ્ઠભૂમિમાં જ રહેતો હતો. આ હાંસલ કરવા માટે ગંભીરને પોતાના રાજકીય પ્રભાવનો ઉપયોગ કરવાની પણ જરૂર નહોતી. ગંભીરની મુખ્યત્વે ટેસ્ટ ટીમની પ્લેઈંગ ઈલેવનમાં વારંવાર ફેરફાર કરવા બદલ ટીકા કરવામાં આવી છે. ગંભીરના કોચિંગ હેઠળ, ભારતને ચાર ટેસ્ટ કેપ્ટન મળ્યા છે.

ભારતના ટેસ્ટ અને વનડે કેપ્ટન ગિલે કોહલીની કારકિર્દી દરમિયાન કેપ્ટનશીપ સંભાળી હતી તે જ સમયે કેપ્ટનશીપ સંભાળી હતી. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ગિલનો દેખાવ ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન કોહલીના શરૂઆતના પ્રદર્શન જેવો જ હતો. તે સમયગાળા દરમિયાન શાસ્ત્રીએ પણ નોંધપાત્ર પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. જોકે ગિલનો સ્વભાવ કોહલી જેવો નથી, જો તે પોતાને અલગ રીતે રજૂ કરવાનો પ્રયાસ કરે, તો તેની શક્યતાઓ ખરેખર નોંધપાત્ર છે. તેથી જેમ ગંભીર ભારતની મુખ્ય જીત - ચેમ્પિયન્સ ટ્રોફી , એશિયા કપ અને બધી T20I શ્રેણી - માં પ્રકાશિત થયો છે, તેમ તે ભારતની હારમાં પણ ખલનાયક રહેશે.

જો ગંભીર આ બલિનો બકરો બનાવવાથી ગુસ્સે છે, અને જો તે તેના સહાયકો દ્વારા તેનો બચાવ કરવા અને IPL ટીમના માલિક દ્વારા કોચિંગ સ્ટાફમાં વિભાજન સૂચવવાથી ગુસ્સે છે, તો કદાચ તેને વધુ પડતો પ્રકાશમાં મૂકવાનું બંધ કરવાનો સમય આવી ગયો છે.

**ક્રિકેટની રમતને ભારતમાં ધર્મની જેમ જોવામાં આવે છે અને દેશમાં અન્ય રમતોની લોકપ્રિયતા વધવા છતાં ક્રિકેટ પ્રત્યેનો ક્રેઝ ઓછો થતો જ નથી, આ સ્થિતિમાં ક્રિકેટ ટીમના મુખ્ય કોચ હોવું એ ભારતના સૌથી શક્તિશાળી કોચ કહી શકાય અને તેણે પણ સત્તાના વિપરીત પાસાંનો સામનો કરવો પડે છે**